Paper Code - 3072

B.R.S. Semester-I (Old Course) (Gujarati)
July - Sept -2021
Gujarati (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ કુલ પ્રશ્નો : ૫૦ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

૧. જ્યોતીન્દ્ર દવેનો જન્મ ક્યારે થયો હતો.
(અ) ઈ.સ.૧૮૦૧ (બ) ઈ.સ. ૧૯૦૧ (ક) ઈ.સ.૨૦૦૧ (ડ) ઈ.સ.૧૯૧૧

૨. જ્યોતીન્દ્ર દવેના પિતાનું નામ શું હતું ?
(અ) હરિહરભાઈ (બ) હરિહરશંકર દવે (ક) મકરંદ દવે (ડ) હરીભાઈ દવે

૩. જ્યોતીન્દ્ર દવેનું બાળપણનું હુલામણું નામ શું હતું ?
(અ) મોટાભાઈ (બ) હસુલાલ (ક) કીકાભાઇ (ડ) સુકલકડી

૪. જ્યોતીન્દ્ર દવે સુરતના કયા દૈનિકપત્રમાં "વિક્રમ બીજો" એ ઉપનામથી લેખો લખતા ?
(અ) દાંડિયો (બ) પરબ (ક) ગુલાબ (ડ) પ્રતાપ

૫. જ્યોતીન્દ્ર દવેએ ગુજરાતી સાહિત્યનો ઈતિહાસમાં સૌ પ્રથમ કયા લેખકનું લખાણ તૈયાર કર્યું હતું?
(અ) કવિ નર્મદ (બ) નભુભાઈ ત્રિવેદી (ક) કનૈયાલાલ મુનશી (ડ) ગોવર્ધનરામ

૬. જ્યોતીન્દ્ર દવે મુંબઈની કઈ સ્કુલમાં સૌ પ્રથમ શિક્ષક તરીકે જોડાયા હતાં ?
(અ) સાર્વજનિક હાઇસ્કુલ (બ) એમ.ટી.બી. હાઇસ્કુલ (ક) ગામઠી શાળા (ડ) કબીબાઇ હાઇસ્કુલ

૭. જોડણીના નિયમો માટેનું સંમેલન સૌ પ્રથમ ક્યારે ભરાયું હતું ?
(અ) ઈ.સ.૧૮૨૯ (બ) ઈ.સ. ૧૯૨૯ (ક) ઈ.સ.૧૯૨૫ (ડ) ઈ.સ.૧૯૨૭

૮. જ્યોતીન્દ્ર દવેએ ઈ.સ. ૧૯૩૨ માં કયું પુસ્તક પ્રગટ કર્યું હતું ?
(અ) રંગ તરંગ ભાગ-૧ (બ) વડ અને ટેટા (ક) અમે બધાં (ડ) રેતીની રોટલી

૯. એક સાદું વાક્ય પૂરું થાય ત્યારે કયું વિરામ ચિહન પ્રયોજાય છે ?
(અ) અલ્પવિરામ (બ) પૂર્ણવિરામ (ક) ગુરુવિરામ (ડ) ઉદગાર ચિહન

૧૦. "ચિતારો" કાવ્યના કવિ કોણ છે ?
(અ) રમણ પાઠક (બ) હરીન્દ્ર દવે (ક) સુધાંશુ (ડ) જયંત પાઠક

૧૧. જોડણી કોષમાં કુલ કેટલા જોડણીના નિયમો આપવામાં આવ્યા છે ?
(અ) ૩૦ (બ) ૨૭ (ક) ૩૩ (ડ) ૩૫

૧૨. હાસ્ય લેખક તારક મહેતાએ કોને ગુરુ માન્ય છે ?
(અ) જ્યોતીન્દ્ર દવે (બ) વિનોદ ભટ્ટ (ક) રતિલાલ બોરીસાગર (ડ) ચંદ્રવદન મહેતા

૧૩. જ્યોતીન્દ્ર દવેને કયું બિરુદ આપવામાં આવ્યું હતું ?
(અ) હાસ્ય રસિક (બ) ગુજરાતના હાસ્ય સમ્રાટ (ક) અવળવાણિયા (ડ) ગુપ્તા

૧૪. જ્યોતીન્દ્ર દવેએ એકમાત્ર કઈ નવલકથા લખી હતી ?
(અ) હાસ્યતરંગ (બ) રસતરંગ (ક) અમે બધા (ડ) રેતીની રોટલી

૧૫. જ્યોતીન્દ્ર દવે ક્યાંના પ્રવાસે ગયા હતાં ?
(અ) આબુના (બ) અંબાજીના (ક) ઉપરકોટના (ડ) અમરકોટના

૧૬. જ્યોતીન્દ્ર દવે જ છે એ સાબિત કરવા વિદ્યાર્થીઓએ કઈ શરત લગાવી હતી ?
(અ) જલેબી- ફાફડા (બ) જલેબી - ગોટા (ક) જલેબી –દહીંવડા (ડ) ગોટા –ફાફડા

૧૭. બેંકમાં ખાતુ ખોલાવવા મેનેજરે કોની ઓળખાણ માગી હતી ?
(અ) જામીનની (બ) સાક્ષીની (ક) અરજદારની (ડ) લાભાર્થીની

૧૮. પોતાની ઓળખાણ સાબિત કરવા લેખકે કેટલા પ્રસંગ નિરૂપ્યા છે ?
(અ) દશ (બ) આઠ (ક) ચાર (ડ) સાત

૧૯. ડોકટરે કોના ઘરેણા વેચીને દવાખાનું ખોલ્યું હતું ?
(અ) વિધવા મામીના (બ) વિધવા કાકીના (ક) વિધવા માતાના (ડ) વિધવા ફોઈના

૨૦. ડોકટરના દવાખાનાના કમ્પાઉન્ડરનું નામ શું હતું ?
(અ) હરીલાલ (બ) ચુનીલાલ (ક) મફતલાલ (ડ) મણિલાલ

૨૧. "હવે તો મારે માટે એકાદ મોટરની તપાસ કરતા રહેજો, હવે નથી પહોચી વળાતું." – આ વાક્ય કોણ બોલે છે ?
(અ) ડોકટર (બ) કમ્પાઉન્ડર (ક) વિધવા કાકી (ડ) મણિલાલ

૨૨. ચોરોના બચાવમાં લેખક ચોરને શાની પ્રતિમા માને છે ?
(અ) સાહસ (બ) વીરતા (ક) હિમ્મત (ડ) નિર્માલ્યતા

૨૩. લેખકના મતે ચોરોએ કયા શાસ્ત્રનું જ્ઞાન બરાબર પચાવ્યું છે ?
(અ) રામાયણ (બ) મહાભારત (ક) ભગવદગીતા (ડ) ઉપનિષદો

૨૪. લેખકની દ્રષ્ટિએ ચોરોના કેટલા પ્રકાર છે ?
(અ) સાત (બ)આઠ (ક) પાંચ (ડ) ચાર

૨૫. સર્જકે ખોટી બે આની સૌપ્રથમ કોને પધરાવવા પ્રયત્ન કર્યો ?
(અ) કંડકટરને (બ) ગલ્લાવાળાને (ક) ચા-વાળાને (ડ) હોટલવાળાને

૨૬. લેખકની પત્ની કયું સામાયિક લઈને લેખના હાથમાં મુકે છે ?
(અ) પરબ (બ) સ્ત્રી (ક) સહિયર (ડ) નવનીત

૨૭. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે ?
(અ) નિરિક્ષક (બ) નીરીક્ષક (ક) નીરિક્ષક (ડ) નિરીક્ષક

૨૮. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે ?
(અ) વાલ્મીકિ (બ) વાલ્મિકી (ક) વાલ્મીકી (ડ) વાલ્મિકિ

૨૯. ભાષાની ઉક્તિમાં જે અટક સ્થાનો છે તે દર્શાવવા જે ચિહ્નો વપરાય છે તેને શું કહેવાય ?
(અ) જોડણીના નિયમો (બ) ક્રિયા વિશેષણો (ક) વિરામચિહ્નો (ડ) સર્વનામ

૩૦. વાક્યમાં અમુક વસ્તુઓની ગણતરીઓ કરવા માટે કયું ચિહ્ન પ્રયોજાય છે ?
(અ) ગુરુરેખા (બ) ગુરુવિરામ (ક) અર્ધવિરામ (ડ) લઘુરેખા

૩૧. "એ તો જોઈ લીધી તમારી બુદ્ધિ અને થઇ ગઈ તમારી બુદ્ધિની કસોટી" – આ વાક્ય કોણ બોલે છે?
(અ) પતિ (બ) પત્ની (ક) લેખક (ડ) શ્રોતાઓ

૩૨. લેખક વ્યાયામ કરવા કોના અખાડે પહોચી ગયા હતાં ?
(અ) રામ અખાડા (બ) હાસ્ય ક્લબ (ક) મલ્લ અખાડા (ડ) જમનાવેલી અખાડા

૩૩. "પૈસાનો સ્વાલ જ નથી, ખર્ચ તો મને નિમંત્રણ આપનાર સંસ્થા આપવાની છે." – આ વાક્ય કયા નિબંધ માંથી લેવામાં આવ્યું છે ?
(અ) પસંદગીની મૂંઝવણ (બ) મારી વ્યાયામ સાધના (ક) બુદ્ધિની કસોટી (ડ) ચોરોના બચાવમાં

૩૪. સર્જક પાસે એક તંત્રી મિત્ર શેની ઉઘરાણી માટે આવ્યા ?
(અ) લેખ (બ) કલમ (ક) પૈસા (ડ) કટાર

૩૫. લેખકને આજનો આખો યુગ જ શેનો યુગ લાગે છે ?
(અ) ધર્મનો (બ) નથીનો (ક) અધર્મનો (ડ) જ્ઞાનનો

૩૬. સાહિત્ય પરિષદમાં કોના નામની દરખાસ્ત કરવામાં આવી હતી ?
(અ) રામલાલ (બ) ભગવાનદાસ (ક) જેકિશનદાસ (ડ) મોહનલાલ

૩૭. "ચિતારો" કાવ્યમાં કોની અદભૂત કલાનું વર્ણન કરવામાં આવ્યું છે ?
(અ) કલાકાર (બ) ચિત્રકાર (ક) શિલ્પકાર (ડ) પરમેશ્વેર

૩૮. "ચિતારો" કાવ્યમાં કોને કુશળ ચિત્રકાર તરીકે વર્ણવ્યા છે ?
(અ) પરમેશ્વેર (બ) ચિત્રકાર (ક) શિલ્પકાર (ડ) કલાકાર

૩૯. "આરસના મોર" કાવ્યમાં કયો વિષય નિરુપાયેલ છે ?
(અ) પ્રણય (બ) પરમતત્વ (ક) પ્રકૃતિ (ડ) પ્રેમ - ભક્તિ

૪૦. "આરસના મોર" કાવ્યમાં કોના પર કટાક્ષ કરવામાં આવ્યો છે ?
(અ) ગ્રામિણ સંસ્કૃતિ (બ) આધુનિક નગરસંસ્કૃતિ (ક) સામાજિક સંસ્કૃતિ (ડ) ઉપરોક્ત તમામ

૪૧. "કાહનાનું કામ" કાવ્યમાં કવિએ કોનું વર્ણન કર્યું છે ?
(અ) કૃષ્ણનું (બ) ગોપીઓનું (ક) ગાયનું (ડ) ઉપરોક્ત તમામ

૪૨. "કાહનાનું કામ" કાવ્યના કવિનું નામ જણાવો ?
(અ) સરોદ (બ) શૂન્યમ (ક) આદિલ મન્સૂરી (ડ) સુન્દરમ

૪૩. "અને બિન આવડત સારું નઠારું કેટલું કામ કરતાં-આપણા હાથ મેળવીએ?" કયા કાવ્યની પંક્તિ છે?
(અ) ચિતારો (બ) આરસના મોર (ક) હાથ મેળવીએ (ડ) કાહનાનું કામ

૪૪. "ગુંજે ન ભરીએ" શબ્દનો અર્થ શું થાય છે ?
(અ) સ્વાર્થી ન બનીએ (બ) સંગ્રહ કરીએ (ક) બીજાને આપવું (ડ) ઉપકારી બનીએ

૪૫. "ગમતાનો કરીએ ગુલાલ" કાવ્યના કવિનું નામ જણાવો ?
(અ) રમેશ પારેખ (બ) મકરંદ દવે (ક) આદિલ મન્સૂરી (ડ) સુન્દરમ

૪૬. "પરથમ પરણામ મારા" કાવ્યમાં કવિ પ્રથમ પ્રણામ કરવાનું કોને કહે છે ?
(અ) માતાને (બ) પિતાને (ક) મિત્રોને (ડ) શત્રુને

૪૭. "પરથમ પરણામ મારા" કાવ્યના કવિનું ઉપનામ જણાવો ?
(અ) ગાફિલ (બ) સરોદ (ક) શેષ (ડ)શૂન્યમ

૪૮. "ફાટું ભરીને સોનું સૂરજ ભરો હવે." – કાવ્યપંક્તિ કયા કાવ્યની છે ?
(અ) રસ્તા વસંતના (બ) આરસના મોર (ક) હાથ મેળવીએ (ડ) કાહનાનું કામ

૪૯. "ગાંધી જયંતી તે દિને" કાવ્યમાં કઈ ભાવના વ્યક્ત થઇ છે ?
(અ) ગ્રામ સફાઈ (બ) દિન દુઃખિયા (ક) સત્ય-પ્રેમ (ડ) ઉપરોક્ત તમામ

૫૦. "અત્તરરિયા" કાવ્યમાં કવિ કોનો સોદો ન કરવાનું કહે છે ?
(અ) પૂમડાંનો (બ) અત્તરનો (ક) દિલાવરની (ડ) ઉપરોક્ત તમામ